દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
શનિવાર ૨૯ નવેમ્બર, ૨૦૨૫

# જીડીપીની 8.2 ટકાની મજબુતી સાથે ભારતની અર્થવ્યવસ્થાની મોટી છલાંગ

ભારતની અર્થવ્યવસ્થાએ મોટી છલાંગ મારી છે. દેશનો જીડીપી જે ગત વર્ષે જુલાઈથી સપ્ટેમ્બરના ક્વાર્ટરમાં 5.6 ટકા હતો તે આ વર્ષે આજ ક્વાર્ટરમાં 8.2 ટકાના મજબુત દરે વધ્યો છે. આ વધારા સાથે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે. તાજેતરમાં NSO દ્વારા જાહેર કરવામાં આ આંકડાઓમાં ભારતે ગૌણ અને સેવા ક્ષેત્રમાં મજબુતી હાંસલ કરી છે. જેમાં ગૌણ ક્ષેત્ર એટલે કે ઉદ્યોગમાં 8.1 ટકા, ઉત્પાદનમાં 9.1 ટકા અને બાંધકામ ક્ષેત્રમાં 7.2 ટકાનો વધારો નોંધાવ્યો છે. જ્યારે સેવા ક્ષેત્રમાં 9.2 ટકા અને નાણાકીય તેમજ રિઅલ એસ્ટેટ અને વ્યવસાયિક સેવાઓમાં 10.2 ટકાની વૃદ્ધિ સાથે ચમક દર્શાવી છે. જેમાં બજારની મજબૂત માંગ અને ખર્ચની સાથે સાથે ખાનગી વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલી ખરીદી પણ સ્થિર રહેવા પામી છે. જ્યારે ખાનગી ખર્ચમાં 7.9 ટકાનો વધારો નોંધાયો છે. જે ગયા વર્ષના 6.4 ટકા કરતાં વધુ છે.

જોવા જેવું એ છે કે કમોસમી વરસાદને કારણે તેમજ ચોમાસામાં પણ અતિવૃષ્ટિને કારણે ક્યાંકને ક્યાંક બગાડ થયો હોવા છતાં પણ બજારમાં માંગ સ્થિર રહી છે. જે અર્થતંત્ર માટે સકારાત્મક રહેવા પામ્યો છે. એક તરફ જ્યાં ઉદ્યોગ અને સેવાઓએ છલાંગ મારી છે ત્યાં કૃષિ ક્ષેત્રે નબળો રહ્યો છે. કૃષિ ક્ષેત્રે માત્ર 3.5 ટકાનો વિકાસ નોંધાયો છે. વીજળી-ગેસ અને પાણી પુરવઠો પણ 4.4 ટકાના દરે વધ્યો છે. જોકે, આ બંને ક્ષેત્રોમાં મોટા સુધારાની સંભાવના છે. જે ભવિષ્યમાં જીડીપીને મજબુત પણ કરી શકે છે. વર્તમાન નાણાકીય વર્ષ 2025માં ભારતે પોતાની વૈશ્વિક પકડ બનાવી છે. ગત વર્ષે પ્રથમ છ માસમાં જીડીપી જ્યાં 6.1 ટકા નોંધાયો હતો. ત્યાં આ વર્ષે પ્રથમ છ માસમાં ભારતનો ડીજીપી 8 ટકા રહેવા પામ્યો છે. ભારતના જીડીપીના ડેટા જે રીતે વધ્યા છે તેણે ભારતને વૈશ્વિક રીતે અર્થવ્યવસ્થાને મજબુતી આપી છે. ભારતે હવે માત્ર ફુગાવો, ગ્રાહક ખર્ચ અને આંતરરાષ્ટ્રીય માંગ જેવા પરિબળો પર જ ધ્યાન કેન્દ્રિત કરવાનું રહેશે.

ભારતમાં જીએસટી આવ્યા બાદ કાળા નાણાંનો વેપાર ઘટી રહ્યો છે. જીએસટીની નેટ વિસ્તરતી જ જાય છે. જેને કારણે દર વર્ષે સરકારોનું જીએસટીનું કલેક્શન નવા વિક્રમી તોડી રહ્યું છે. જીએસટીની વધતી આવકે ભારતમાં અર્થ વ્યવસ્થાને મોટી બનાવી છે. સાથે સાથે જીડીપીમાં પણ મોટો વધારો કર્યો છે. અગાઉ IMF દ્વારા ભારતના અર્થતંત્ર અંગે જાહેર કરાયેલો અંદાજ ભારતનો GDP ૨૦૨૫માં ૬.૭% અને ૨૦૨૬માં ૬.૪% ના દરે વૃદ્ધિ પામી શકે તેવો હતો. તે સમયે IMFએ કહ્યું હતું કે, આગામી બે વર્ષમાં દેશની અર્થવ્યવસ્થા સારી ગતિએ વૃદ્ધિ પામશે. ભારતમાં સતત મજબૂત વૃદ્ધિ પાછળ સુધારાઓની ગતિ, સ્થાનિક વપરાશમાં વધારો અને જાહેર રોકાણ મુખ્ય કારણો છે. ભારતનું એ સપનું છે કે, દેશ 5 ટ્રિલિયન ઈકોનોમી ધરાવતો દેશ બને. જે રીતે જીએસટીનું કલેક્શન વધી રહ્યું છે તે બતાવી રહ્યું છે કે, ભારત માટે 5 ટ્રિલિયન ડોલરની ઈકોનોમી દૂર નથી. જો દેશમાં આ જ રીતે જીડીપી વધતી રહેશે તો નક્કી એક-બે દાયકામાં ભારત વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે તેમાં કોઈ બેમત નથી.

## પ્રેમ ક્યારે દેખાય?



આ દુનિયા પ્રેમ પર ટકેલી છે... પ્રેમ છે તો જીવન જીવવા જેવું છે... આવું બધું આપણે રોજ વાંચીએ કે સાંભળીએ છીએ પણ આ પ્રેમની ઓળખ શું? પ્રેમ તો હવાની જેમ ....દેખાય નહિ પણ અનુભવી શકાય.પણ પ્રેમ અનુભવવા માટે પ્રેમને સમજવો પડે...પ્રેમને જાણવો પડે.

રાઘવને હંમેશા થતું કે આ પ્રેમ ક્યાં છે? મેં તો કોઈ દિવસ પ્રેમ જોયો નથી.મમ્મી આખો દિવસ ઘરમાં કામ કરે છે ..પપ્પા સવારથી રાત સુધી બહાર રહે છે.....બંને વચ્ચે ખપ પૂરતી જ વાતો થાય છે તો પ્રેમ ક્યાં છે. રાઘવ સમજણો થયો ત્યારથી તેણે આવું જ જોયું હતું. મમ્મી પપ્પા જવાબદારીઓ નિભાવતા એક જિંદગી જીવી રહ્યાં હતાં જેમાં રાઘવને પ્રેમ ક્યાંય દેખાતો ન હતો....આ પ્રેમની ગેરહાજરી રાઘવને ખૂંચતી કારણ તેણે સાંભળ્યું હતું કે પ્રેમ જ સંબંધોને જીવંત રાખે છે.

એક દિવસ રાઘવ કોલેજથી ઘરે આવે છે અને મમ્મી રસોડામાં કામ કરી રહી હોય છે. રસોડામાંથી મીક્સરનો અવાજ આવે છે અને તરત જ મમ્મીની ચીસ સંભળાય છે.રાઘવ દોડીને રસોડામાં જાય છે.ચટણી વાટતાં મમ્મીનો હાથ મિક્સરમાં આવી ગયો હોય છે અને આંગળીઓમાંથી લોહીની ધાર વહેતી હોય છે. રાઘવ મમ્મીને નજીકની હોસ્પીટલમાં લઇ જાય છે અને રસ્તામાંથી પપ્પાને ફોન કરે છે. તેના પપ્પા બધું કામ પડતું મૂકી દોડીને હોસ્પિટલ પહોંચે છે.

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

મમ્મીને ડ્રેસીંગ થઇ ગયું હોય છે ત્યાં પપ્પા દોડતા આવે છે. તેમની આંખો લાલ થયેલી હોય છે. માંડ તેમણે મહામહેનતે આંસુ રોકી રાખ્યા હોય છે.પપ્પા મમ્મીને ભેટી પડે છે.મમ્મી નાની બાળકીની જેમ પોતાનો હાથ બતાવી રડે છે અને પપ્પા તેનાં આંસુ લૂછે છે.આજે રાઘવને પપ્પાની આંખોના ન છલકાયેલાં આંસુમાં પારાવાર પ્રેમ દેખાય છે. મમ્મીના છલકતાં આંસુમાં પ્રેમ દેખાય છે. આ કપરી પરિસ્થિતિમાં પણ તે ખુશ થઇ જય છે અને મલકી ઊઠે છે અને તરત મમ્મી પપ્પાનો એક ફોટો પાડે છે.મમ્મી પપ્પા રાઘવને આમ મલકવાનું અને ફોટો પાડવાનું કારણ પૂછે છે. રાઘવ કહે છે, "મને લાગતું હતું તમારી બંને વચ્ચે પ્રેમ જ નથી. પ્રેમ મને ક્યાંય દેખાતો ન હતો. તે આજે દેખાયો." પપ્પા કહે છે ''દીકરા, પ્રેમ એમ ન દેખાય. પ્રેમ જોવા માટે પહેલાં કોઈને દિલથી ચાહવું પડે અને સાચી લાગણી હૈયામાં હોય તો જ સામે પ્રેમનો પ્રતિસાદ મળે. સાચો પ્રેમ મેળવવા સાચો પ્રેમ કરવો પડે."

# લાલુ યાદવની હાલત માયાવતી જેવી થશે?

બિહારમાં વર્ષો સુધી રાજકારણમાં દબદબો ભોગવનાર લાલુ યાદવ અને એમના પક્ષનું પતન થયું છે. હવે તેમને સરકારી બંગલો પણ ખાલી કરી દેવા હુકમ થયો છે. પરિવારમાં ઊભા ફાડચા તો ક્યારનાં પડી ગયા છે. તેજપ્રતાપ પરિવારમાંથી અળગા થયા બાદ દીકરી રોહિણી પણ રોષિત છે. એ સાચું કે, વિધાનસભામાં સૌથી વધુ મત લાલુ યાદવની પાર્ટીને મળ્યા છે પણ એમના પરિવાર સામે અનેક કેસ છે અને હવે ગૃહ મંત્રાલય ભાજપ પાસે આવ્યું છે. એટલે જંગલ રાજના પ્રતીક બનાવી દેવાયેલા લાલુ યાદવના પરિવારને એક પછી એક સંકટનો સામનો કરવો પડશે એ નક્કી છે. આ સ્થિતિમાં શું લાલુ યાદવની હાલત યુ.પી.નાં માયાવતી જેવી થશે?

લાલુ યાદવનો નેવુંના દાયકામાં દબદબો હતો પણ ૨૦૦૫થી એમણે મુખ્યમંત્રીની ખુરશી જોઈ નથી. લાલુ યાદવ અને નીતીશ સાથે જરૂર આવ્યા પણ મુખ્યમંત્રી તો નીતીશ જ રહ્યા છે. લાલુ પરિવારની સમસ્યા માત્ર રાજકીય નથી. એમના સામે અને એમના પરિવાર સામે અનેક કેસ ચાલી રહ્યા છે. લાલુપ્રસાદ યાદવ અને તેમના પરિવાર સામે મુખ્યત્વે ૩ મોટાં કૌભાંડોને લગતા અનેક અલગ અલગ કેસો ચાલી રહ્યા છે. ઘાસચારા કૌભાંડ સૌથી જૂનો અને મોટો કેસ છે. આ કૌભાંડમાં ૫ અલગ અલગ કેસ હતા. લાલુ યાદવને આ તમામ કેસોમાં દોષી ઠેરવવામાં આવ્યા છે અને સજા ફટકારવામાં આવી છે. હાલમાં તેઓ નાદુરસ્ત તબિયતના કારણે જામીન પર બહાર છે.

બીજો કેસ નોકરીના બદલે જમીન કૌભાંડ છે. ચાર્જશીટમાં પરિવારના અનેક સભ્યોનાં નામ છે. લાલુ યાદવ ઉપરાંત પત્ની રાબડી દેવી, પુત્રી મીસા અને હેમા અને પુત્ર તેજસ્વી પણ સામેલ છે. ત્રીજો રેલવે હોટેલ કૌભાંડ છે, જેની સુનાવણી ચાલે છે.

આ પણ લાલુ યાદવના રેલવે મંત્રી કાળનો કેસ છે. તેજસ્વી યાદવ સામે ભ્રષ્ટાચારના આ મુખ્ય કેસો ઉપરાંત રાજકીય આંદોલનો અને સરકારી કામમાં અવરોધ જેવી બાબતોને લગતા અન્ય કેસો પણ છે. તેજસ્વી યાદવ સામે કુલ ૧૧ જેટલા કેસ નોંધાયેલા હતા અને આ કેસ એમ જલ્દી પતવાના નથી.

આ જ કારણે એવું વિચારવામાં આવે છે કે, શું લાલુ યાદવની હાલત માયાવતી જેવી તો નહિ થાય ને?

માયાવતી યુ.પી.માં ચાર વાર મુખ્યમંત્રી બન્યા છતાં આજે એ એમની પાર્ટી બસપા અસ્તિત્વનો જંગ લડી રહી છે. જો કે, બંનેની રાજકીય સ્થિતિમાં તફાવત છે. લાલુ યાદવ પરિવાર સામે ઘણા કેસ છે. માયાવતી સામેના કેસોની સ્થિતિ

**રાજ્યોની વણઝાર**
**કૌશિક મહેતા**

> **લાલુ યાદવની પાર્ટીને હજુય જન-સમર્થન છે. તેમને સૌથી વધુ વોટ (આશરે ૨૩%) મળ્યા છે. આ દર્શાવે છે કે તેમનો કોર વોટર બેઝ (યાદવ + મુસ્લિમ) હજુ પણ અકબંધ છે. તેઓ જમીન પરથી સાફ નથી થયા. ઉત્તર પ્રદેશમાં માયાવતીનો વોટ શેર સતત ઘટી રહ્યો છે**

લાલુ યાદવ કરતાં અલગ છે, કારણ કે મોટા ભાગના જૂના કેસોમાં તેમને કોર્ટમાંથી રાહત મળી ચૂકી છે. લાલુ યાદવથી વિપરીત, માયાવતીને તેમના જૂના કેસોમાં કોર્ટ અને તપાસ એજન્સીઓ તરફથી 'ક્લીન ચિટ' મળી ગઈ છે. એનાં કારણો જગજાહેર છે.

લાલુપ્રસાદ યાદવની સ્થિતિ માયાવતી જેવી થશે કે નહીં? સાવ એવું તો નથી. એનું સૌથી મોટું કારણ છે લાલુ યાદવની પાર્ટીને હજુય જન-સમર્થન છે. તેમને સૌથી વધુ વોટ (આશરે ૨૩%) મળ્યા છે. આ દર્શાવે છે કે તેમનો કોર વોટર બેઝ (યાદવ + મુસ્લિમ) હજુ પણ અકબંધ છે. તેઓ હાર્યા છે, પણ જમીન પરથી સાફ નથી થયા.

ઉત્તર પ્રદેશમાં માયાવતીનો વોટ શેર સતત ઘટી રહ્યો છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં અને તે પછીની પેટા ચૂંટણીઓમાં બસપાનો વોટ શેર ૧૦-૧૨% થી પણ નીચે ગયો છે અને તેમને એક પણ બેઠક મળી નથી. માયાવતીનો પરંપરાગત દલિત વોટ બેઝ હવે SP અને BJP તરફ વળી ગયો છે.

નેતૃત્વની વાત કરીએ તો લાલુ યાદવે સમયસર તેજસ્વી યાદવને આગળ કર્યા છે. તેજસ્વી યાદવે પોતાની જાતને એક મજબૂત નેતા તરીકે સ્થાપિત કર્યા છે અને બિહારમાં તેઓ મુખ્ય વિરોધ પક્ષનો ચહેરો છે. પાર્ટીમાં તેમનું નિયંત્રણ મજબૂત છે. માયાવતી એવું કરી શક્યાં નથી. સેકન્ડ લાઈન લીડરશિપ તૈયાર કરવામાં મોડું કર્યું. ભત્રીજા આકાશ આનંદને ઉત્તરાધિકારી જાહેર કર્યા, પછી હટાવ્યા અને ફરી પાછા લાવ્યા. આ અસમંજસને કારણે પાર્ટીના કાર્યકરોમાં મૂંઝવણ ઊભી થઈ છે અને ચંદ્રશેખર આઝાદ જેવા નવા નેતાઓ દલિત મતોમાં ભાગલા પાડી રહ્યા છે.

બીજું કે, લાલુ યાદવ અને તેજસ્વી હંમેશા ગઠબંધનમાં માને છે. કોંગ્રેસ અને ડાબેરી પક્ષો સાથે રહેવાને કારણે ભલે તેઓ સત્તામાં ન આવે, પણ તેઓ રાજકીય રીતે પ્રસ્તુત રહે છે. તો માયાવતીએ 'એકલા હાથે ચૂંટણી લડવાની'જીદ પકડી રાખી છે. ઉત્તર પ્રદેશ જેવા રાજ્યમાં જ્યાં મતોનું ધ્રુવીકરણ થયું છે, ત્યાં ગઠબંધન વગર લડવાથી બસપાને મોટું નુકસાન થયું છે. હા, લાલુ યાદવ બીમાર હોવા છતાં અને તેજસ્વી યાદવ સતત જમીની સ્તરે સક્રિય રહે છે, રેલીઓ કરે છે અને સરકાર સામે અવાજ ઉઠાવે છે. માયાવતી છેલ્લાં કેટલાંક વર્ષોથી જમીની આંદોલનોથી દૂર રહ્યા છે અને માત્ર પ્રેસ કોન્ફરન્સ કે સોશ્યલ મીડિયા પૂરતા સીમિત થઈ ગયા છે. એટલે લાલુ યાદવ નબળા જરૂર પડ્યા છે પણ રાજકારણમાંથી માયાવતીની જેમ લગભગ આઉટ થયા નથી. બિહારમાં હજુય કોઈ પાર્ટી એમને હળવાશમાં લઈ શકે એવી સ્થિતિ નથી.

**શિંદે - ભાજપ... ભંગાણ જરૂર પડશે**

મહારાષ્ટ્રમાં એનડીએ સરકાર છે અને એમાં એકનાથ શિંદે અને અજીત પવારની પાર્ટી છે પણ, લાગે છે કે હવે આ શંભુ-મેળામાં ભંગાણ પડવા લાગ્યું છે. અજીત પવારના પુત્રનું પ્રકરણ ગાજ્યું હતું. હવે એકનાથ શિંદે અને ફડનવીસ આમનેસામને આવ્યા છે. તાજેતરમાં જ શિંદે અને એમના મંત્રીઓ કેબીનેટ બેઠકમાં હાજર રહ્યા નહોતા. શિંદેએ રાવણની ઉપમા આપી અને લંકા જલાવીશું એવું કહ્યું તો ફડનવિશે સામું પરખાવ્યું કે, અમે તો રામભક્ત છીએ, અમે ક્યાં લંકામાં રહીએ છીએ. લંકા તો અમે સળગાવીશું. મુંબઈ મહાપાલિકાની ચૂંટણી આવી રહી છે એની આ અસર છે. શિંદેનાં કેટલાંક નગરસેવકો ભાજપમાં ગયાં છે કે લઈ જવાયાં છે એનાથી શિંદે નારાજ છે અને વાત અમિત શાહ સુધી પણ પહોંચી હતી. પણ એવું લાગી રહ્યું છે કે, ભાજપ હવે એના જોરે આગળ વધવા માગે છે. શિંદે અને પવાર એમની મજબૂરી હતી એ ભાર હવે ભાજપ ઓછો કરવા માગે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ગુલામ નબી આઝાદ માટે નવી જવાબદારી (હકીકત કે હવા?)

## શું આઝાદ જેવા રાષ્ટ્રીય કક્ષાના નેતાને જમ્મુ અને કાશમીરના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવશે?

તાજેતરમાં સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર એક અજીબ પોસ્ટ આવી, જે કોંગ્રેસના ભૂતપૂર્વ દિગ્ગજ નેતા અને હવે નિષ્ક્રિય પડેલાં ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ આઝાદ પાર્ટીના વડા ગુલામ નબી આઝાદ પર હતી. તેમાં ન તો કોઈને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે ન તો કોઈ સ્રોતનો ઉલ્લેખ હતો, પરંતુ એવું લાગતું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી જમ્મુ અને કાશ્મીરના ડિમોટેડ અને અલગ કરાયેલા કેન્દ્રશાસિત પ્રદેશ (યુટી)માં આઝાદને મુખ્ય ભૂમિકા સોંપવા પર વિચાર કરી રહ્યા છે. સોશ્યલ મીડિયા પોસ્ટમાં લખવામાં આવ્યું હતું કે, ''વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દિગ્ગજ નેતા ગુલામ નબી આઝાદને એક મુખ્ય ભૂમિકા સોંપવાનો મહત્ત્વપૂર્ણ સંકેત આપ્યો છે. સૂત્રો જણાવે છે કે, આઝાદને જમ્મુ અને કાશ્મીરમાં એક મહત્ત્વપૂર્ણ પદ સોંપવામાં આવી શકે છે, જે કેન્દ્રશાસિત પ્રદેશમાં સંભવિત રાજકીય પરિવર્તનનો સંકેત આપે છે." વધુ રસપ્રદ વાત એ છે કે, વડા પ્રધાન કાર્યાલય-ભાજપ કે આઝાદે આ સોશ્યલ મીડિયા પોસ્ટની ન તો પુષ્ટિ કરી છે કે નકારી પણ નથી. આ પોસ્ટ કેવી રીતે અને ક્યાંથી આવી તે જાણવું રસપ્રદ રહેશે?

કઈ ભૂમિકા? શું તેમના જેવા રાષ્ટ્રીય કક્ષાના નેતાને જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવશે? એક એવું રાજ્ય જ્યાં તેઓ માત્ર મુખ્યમંત્રી જ નહોતા, પરંતુ નવી દિલ્હીના સરકારી અને રાજકીય નિર્ણયો પર પ્રભુત્વ ધરાવતા હતા અને પ્રભાવિત પણ હતા. અથવા, જો આ પોસ્ટમાં કોઈ વિશ્વસનીયતા છે તો શું તેમને દિલ્હીના પાવર કોરિડોરમાં ચાલી રહેલા બીજા રાજકીય પ્રયોગને સમર્થન આપતા જોવામાં આવી રહ્યા છે? ભાજપમાં તેમના માટે સંભવિત મુખ્યમંત્રી પદનો સંકેત આપતા કેન્દ્રશાસિત પ્રદેશમાં ભવિષ્યની સરકારનો પણ સમાવેશ થતો હતો? અથવા તે ફક્ત પતંગ ઉડાવવાની કવાયત હતી. કારણ કે, આ પોસ્ટ પર બીજી કોઈ પ્રતિક્રિયા આવી નથી. ખાસ કરીને શાસક સરકાર - ભાજપ અને નરેન્દ્ર મોદી સરકાર તરફથી.

આઝાદના ભવિષ્ય સાથે જોડાયેલી આ પોસ્ટ અજીબ એટલા માટે છે કારણ કે, તે લગભગ ડીપીએપીમાંથી ફરી એક વખત પલાયન અને કોંગ્રેસ તરફ દોરી જવા સાથે સુસંગત હતી - તે પક્ષ જેમાં તેમણે દાયકાઓ સુધી સેવા આપી હતી અને બદલામાં ભૂતપૂર્વ ડોડા જિલ્લાના દૂરના વિસ્તારના છોકરાને રાષ્ટ્રીય સ્તરે ઊંચી ઊંચાઈઓ પર લઈ ગયો. તે બીજી વાત છે કે, કોંગ્રેસમાંથી ઔપચારિકતા વગર બહાર નીકળ્યા પછી તેઓ એક મોટા રાષ્ટ્રીય નેતાના તેમના કદ માટે પાર્ટીને કોઈ શ્રેય આપવાનો ઇનકાર કરે છે અને તદ્દન અવિશ્વસનીય રીતે!

તેમના નજીકના સાથીઓ અને ભૂતપૂર્વ મંત્રી જી એમ સરૂરી, જેમણે કોંગ્રેસ છોડવામાં અને એક નવું રાજકીય સંગઠન બનાવવા માટે આઝાદને ટેકો આપ્યો હતો. તેઓ કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા. તેમના માટે નવો આંચકો ત્યારે લાગ્યો જ્યારે તેમના બે વધુ વિશ્વાસુ સાથીઓ જુગલ શર્મા અને અબ્દુલ મજીદ વાની, બંને ભૂતપૂર્વ મંત્રીઓએ કોંગ્રેસમાં ફરી જોડાવાની તેમની યોજનાઓની જાહેરાત કરી. અચાનક સોશ્યલ મીડિયામાં આઝાદ માટે નવા જમ્મુ અને કાશ્મીર-કેન્દ્રિત કાર્યભારની શક્યતા અંગે રહસ્યમય પોસ્ટ સામે આવી.

એવું નથી કે આઝાદના સાથીઓની 'ઘરવાપસી'નો આ ઘટનાક્રમ અચાનક થયો હતો. તેમના સહિત અડધા ડઝનથી વધુ ડીપીએપી નેતાઓએ વિધાનસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસમાં જોડાવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ જમ્મુ-કાશ્મીર કોંગ્રેસના નેતાઓના જૂથ દ્વારા તેમના પ્રયાસોને નિષ્ફળ બનાવવામાં આવ્યા હતા. આ ડીપીએપી નેતાઓમાંથી મોટા ભાગના નેતાઓએ આઝાદ સાથે કોઈ જોડાણ ટાળવા માટે અપક્ષ તરીકે ચૂંટણી લડી હતી, જેમને લોકો ભાજપ પ્રત્યે નરમ માનતા હતા અને ઓછા અંતરથી હારી ગયા હતા.

આ નેતાઓ કોંગ્રેસના ઉમેદવાર તરીકે જીત્યા હોત તો કોંગ્રેસ પાર્ટીને શાસક ગઠબંધનમાં એક મજબૂત ભાગીદાર બનાવત. તેનાથી યુટીમાં કોંગ્રેસને નિયંત્રિત કરતાં લોકોના સમૂહનું વર્ચસ્વ પણ તૂટી ગયું હોત. વિધાનસભા ચૂંટણીના એક વર્ષ પછી પણ કોઈ તપાસ થઈ ન હતી અને ન કોઈના પર કાર્યવાહી થઈ.

પાર્ટી અસ્તિત્વમાં આવ્યાના થોડા મહિના પછી ડીપીએપીમાં અસંતોષ ઉકળવા લાગ્યો હતો. આમાંના મોટા ભાગના નેતાઓ ધર્મનિરપેક્ષ કોંગ્રેસીઓ હતા, જેમણે આઝાદ પર આશા રાખી હતી કે, તેઓ જમ્મુ અને કાશ્મીરમાં કોંગ્રેસને ધર્મનિરપેક્ષ વિકલ્પ પૂરો પાડશે. કારણ કે, પાર્ટી માત્ર પોતાનો આધાર ગુમાવી ચૂકી હતી. એટલું જ નહીં, પરંતુ નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી ભાજપનો પડકાર પણ પૂર્ણ કરવામાં નિષ્ફળ ગઈ હતી. દેખીતી રીતે, તેઓ આઝાદ દ્વારા રાજકીય રીતે ચાર્જ કરાયેલા મુસ્લિમ બહુમતી યુટીમાં સ્પષ્ટ રાજકીય વલણ ન અપનાવવાથી નિરાશ થયા હતા, જેના કારણે ભગવા પક્ષ

**રાજધાનીના અંતરંગ**
**અનિલ આનંદ**

> **એવું નથી કે આઝાદના સાથીઓની 'ઘરવાપસી'નો આ ઘટનાક્રમ અચાનક થયો હતો. તેમના સહિત અડધા ડઝનથી વધુ ડીપીએપી નેતાઓએ વિધાનસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસમાં જોડાવાના પ્રયાસો કર્યા હતા**

પ્રત્યે નરમ વલણ અપનાવવાની છાપ પડી હતી.

કેન્દ્ર જમ્મુ અને કાશ્મીરમાં રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત ન કરવાની માંગ પર અડગ છે અને લદ્દાખમાં પણ આવી જ માંગ મજબૂત થઈ રહી છે, સાથે જ આદિવાસી પ્રભુત્વ ધરાવતા કેન્દ્રશાસિત પ્રદેશને ભારતના બંધારણની છઠ્ઠી અનુસૂચિ હેઠળ લાવવાની માગણી પણ થઈ રહી છે તેમ છતાં રાજકીય પવન જુદી-જુદી દિશામાં ફૂંકાઈ રહ્યો છે.

કેન્દ્ર અને આરએસએસ-ભાજપ ગઠબંધન માટે એક મોટો આંચકો મોદી સરકાર દ્વારા 'દરબાર ચાલ'ની એક સદીથી વધુ જૂની પરંપરાને પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય હતો, જેમાં શિયાળામાં રાજધાની જમ્મુ અને ઉનાળામાં કાશ્મીરમાં ખસેડવાનો સમાવેશ થાય છે.

દરબાર ખસેડવાથી કાશ્મીરીઓનું શિયાળામાં જમ્મુ જવાનું સામેલ હતું. આ જમ્મુના અર્થતંત્રમાં યોગદાનનું મુખ્ય સ્રોત હતું. જે પવિત્ર નગર કટરા (વૈષ્ણો દેવી) દ્વારા જમ્મુ-નગર રેલવે લિંક ખૂલ્યા પછી અને દરબાર ખસેડવાનું બંધ થયા પછી મુશ્કેલીમાં છે. જમ્મુના અર્થતંત્રને ટકાવી રાખવા માટે કોઈ વૈકલ્પિક અને વ્યવહારુ યોજનાના અભાવે, છેલ્લી આઠ ચૂંટણીઓમાં - લોકસભાથી પંચાયત સુધી યુટી વિધાનસભા સુધી - પ્રદેશે ભાજપને મત આપ્યો હોવા છતાં અને ધર્મ સંબંધિત અને સાંપ્રદાયિક મુદ્દાઓ તેમના આર્થિક અસ્તિત્વ સાથે જોડાયેલી લોકોની લાગણીઓને વાળવા માટે નબળા પડવાના સંકેતો દર્શાવતા હોવા છતાં કેન્દ્ર સરકાર તેમના ડીપીએપી પ્રયોગની નિષ્ફળતા પછી બીજું આઝાદ-કેન્દ્રિત રાજકીય પગલું લેવાનું વિચારી શકે છે. આઝાદની વાત કરીએ તો કોંગ્રેસ સાથેના તેમના રાજકીય જોડાણ દરમિયાન, જ્યારે તેઓ હંમેશાં સરકાર અને કોંગ્રેસમાં નિર્ણય લેવાના સ્તરે રહ્યા હતા, તેમણે રાજ્યના ભાગ રૂપે ગંદા રાજકીય પ્રયોગોમાં સામેલ થવાનું ટાળ્યું હતું. કોંગ્રેસના આંતરિક શક્તિ ગતિશીલતામાં તેમના હાથ ચોક્કસપણે દૂષિત હતા, જેના કારણે ઘણા દિગ્ગજોએ પાર્ટી છોડી દીધી અથવા નિવૃત્ત થઈ ગયા અને કોઈ પણ યુવા નેતાને આગળ આવવા દેવામાં આવ્યા નહીં. આઝાદે પાર્ટી છોડી દીધા પછી કોંગ્રેસના સંગઠનાત્મક માળખામાં તિરાડો સ્પષ્ટપણે દેખાઈ આવી.

આ સંજોગોમાં તેઓ જમ્મુ અને કાશ્મીરના રાજકીય પરિદૃશ્યમાં કેવી રીતે સુસંગત હોઈ શકે, ભલે તેમની પાસે હજી પણ થોડી વિશ્વસનીયતા બાકી છે? કોઈ પણ નવા પ્રયોગમાં જો તેઓ મોદીની ઓફર સ્વીકારે, જે બંને કેન્દ્રશાસિત પ્રદેશોના લેફ્ટનન્ટ ગવર્નર બનવાથી લઈને જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખની સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતી મધ્યસ્થી ક્ષમતામાં કામ કરી શકે છે અને સીધી રાજકીય ભૂમિકામાં નહીં, તો પણ તેમને ફક્ત મોદી સરકારના પ્રતિનિધિ તરીકે જોવામાં આવશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## મનુષ્યનાં ચિત્ત કેમ વિકૃત બન્યાં છે

અનેક પ્રકારની ગુનાખોરીને લઈ સરકાર સખત કાયદાઓ બનાવી તેનો કડકપણે અમલ પણ કરાવી રહી છે. છતાં કોઈ પણ પ્રકારના ગુનાઓ જેમકે આર્થિક, સામાજિક દેશદ્રોહ અને અત્યાચારી જેવા ગુનાઓ બેફામ રીતે ઘટિત થઈ રહ્યા છે અને હવે તો તેમાં કહેવાતો ભદ્ર વર્ગ પણ બાકાત રહ્યો નથી ત્યારે કારણ શું? તે અંગે ચિંતન કરવું રહ્યું. કાયદાના અમલથી ડરને લઈ થોડીક અસર થાય છે તે વખતે ગુનાખોરી જોતાં કાયદો ઝાઝું કરી શકે તેમ લાગતું નથી. ત્યારે સમાજ હિતચિંતકોએ કશુંક વિચારવું લાગે છે. અનેક કારણસર મનુષ્ય ચિત્ત વિકૃત બની ચૂકયું છે. માટે નાની વાતે પણ ગુનાહિત કૃત્ય મનુષ્ય આચરી રહ્યો છે માટે તેને માનસિક વિકૃતિથી મુકત કરવા શિક્ષણ અને સંસ્કારને મહત્ત્વ આપવું પડશે. બાકી ગમે તેવા સખત કાયદાઓ ઝાઝું કરી શકે તેમ અનુભવાતું નથી. વધતી જતી ગુનાખોરી જોતાં કશુંક વિચારવું જ પડશે સૌએ.

**નવસારી - ગુણવંત જોષી**

## વ્યાવસાયિક મહિલાઓ અને રવિવાર

રવિવાર બધાં નોકરિયાતોનો રજાનો દિવસ હોય છે. તે દિવસે નોકરી કરતાં લોકો ઘણું ખરું આરામ કરતાં હોય છે પરંતુ વ્યાવસાયિક સ્ત્રીઓ માટે એવું નથી હોતું, સવારથી તે રવિવાર સુધી તે ઘરમાં કામ કરે છે, સવારની ચાથી માંડીને સાંજની રસોઈ સુધી તે કામમાં પરોવાયેલી હોય છે. શાકમાં પાપડી વટાણા છોલવાં સહેલાં છે, પરંતુ તુવેર છોલતાં સમય પણ લાગે અને થાક પણ લાગે પરંતુ ઘરનાં સભ્યોને શાક અને તુવેરના દાણાની કચોરી ભાવે તો સ્ત્રી પણ શું કરે? અને તે કંઈ ન કહે પણ ઘરના સભ્યોએ એને મદદ કરતાં શીખવું જોઈએ. સવારની ચાથી રસોઈ સુધી ઘરનાં સભ્યોએ દિવસનું કામ હાથમાં લઈ લેવું જોઈએ. વળી સ્ત્રીઓ તે દિવસે વધારાનું કામ પણ કરે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે રજાને દિવસે બહેનોને જે આરામ મળવો જોઈએ તે મળતો નથી. બીજે દિવસે કામે જાય ત્યારે થાક અને કંટાળો તેના વ્યક્તિત્વમાં વર્તાય છે અને તે પોતાનું કામ બરાબર કરી શકતી નથી. જે નોકરીમાંથી એને પૈસા મળે છે તે નોકરી તેણે સંપૂર્ણ નિષ્ઠા અને તાજગીથી કરવી જોઈએ તેથી જ તેને રવિવારની રજા મળે છે. એ રજાનો ઉપયોગ કરી તેણે ઓફિસના કામનું વધારે મહત્ત્વ આપવું જોઈએ. ઘરનું કામ થોડું ઓછું કરે તે ચાલી શકે પણ જો બેઉ કામ સરખી રીતે કરે તો કોઈક વાર માંદગી પણ આવી શકે. માટે રવિવારના દિવસે પૂરતો આરામ કરવો જોઈએ.

**અડાજણ, સુરત - રેખા.ન.પટેલ**

## લોકશાહીમાં કોણ સર્વોપરી?

જ્યારે દેશ આઝાદ થયો ન હતો, તે પેહલા ૨૦૦ વર્ષ અંગ્રેજોનું રાજ હતું. ગુલામીની જંજીરમાંથી મુકત થવા અને લોકશાહી સ્થપાય તે માટે દેશવ્યાપી આંદોલનની શરૂઆત થઈ. અંગ્રેજ અમલદારો લોકો ઉપર કેવી રીતે અને કેવા પ્રકારના ત્રાસ ગુજારતા હતા તે ઈતિહાસ વાંચતાં જાણી શકાય છે. ઉકત હેરાનગતિમાંથી મુક્ત થવા અને દેશમાં લોકશાહીની સ્થાપના થાય તેવા શુભ આશયથી કોઈપણ પ્રકારના ભેદભાવ ભૂલીને આઝાદી મેળવવાનાં જંગમાં તમામ લોકો એ ઝંપલાવ્યું. આખરે દેશને ગુલામીની જંજીરમાંથી મુકત કર્યા, લોકશાહી સ્થપાય. વિશ્વમાં રાજાશાહી, લોકશાહી અને સરમુખત્યારશાહીમાં સર્વશ્રેષ્ઠ લોકશાહી માનવામાં આવી છે. લોકશાહીમાં લોકોનો અવાજ તંત્ર સુધી પહોંચાડી શકે તે માટે લોકો તરફથી પ્રતિનિધિ ચૂંટી મોકલવામાં આવે છે. લોકોનાં પ્રશ્નોની અસરકારક રજૂઆત અમલદારો સમક્ષ ચૂંટાયેલા પ્રતિનિધિ જ કરી શકે અને ચૂંટાયેલા પ્રતિનિધિ લોકશાહીમાં સર્વોપરી ગણાય.

**સુરત - ચંદ્રકાંત રાણા**

## એક કરતાં વધારે ભાષાઓ બોલવાથી થતા ફાયદા

જે લોકો એક કરતાં વધારે ભાષાઓ જાણે છે અને બોલે છે તેઓને ઉંમર વધવાથી થતી અસરો મોડેથી તથા ધીમી ગતિએ થાય છે. યુરોપના ૨૭ દેશોમાં ૫૦ થી ૯૦ વર્ષ વચ્ચેના ૮૬,૦૦૦ વ્યક્તિઓ ઉપર થયેલા અભ્યાસને અંતે જાણવા મળેલ છે કે જે લોકો એક જ ભાષા બોલતા હતા તેના કરતા જે લોકો એક કરતાં વધારે ભાષાઓ બોલતા હતા તેઓની વૃદ્ધ થવાની પ્રક્રિયા ધીમે ધીમે થઈ હતી, તેઓની યાદશક્તિ ચાલી જવાની બીમારી જેવી કે ડિમેન્શીયા પણ ઓછું નોંધાયું હતું. એક કરતાં વધારે ભાષાઓ બોલવાથી મગજ વધારે સક્રિય રહે છે, કોઈપણ પ્રકારની ગૂંચને ઉકેલવાની શક્તિ વધતી હોય છે, મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવાની રીત સરળતાથી તેઓ શોધી શકે છે. જે લોકો જેટલી વધારે ભાષાઓ બોલે છે તેઓની યાદશક્તિ તેટલા પ્રમાણમાં વધારે હોય છે જેને કારણે અલ્ઝાઈમર કે ડિમેન્શીયાની અસર ઓછી જોવા મળે છે. વધારે ભાષાઓ જાણવાથી કસરત કરવાથી થતા ફાયદા તથા ધુમ્રપાન બંધ કરવાથી થતા ફાયદા જેટલી મગજ પર પોઝિટિવ અસર જોવા મળી હતી. નાનપણથી જ જો બાળક એક કરતાં વધારે ભાષાઓ બોલશે તો ભવિષ્યમાં તેઓનું મગજ ઘણું સક્રિય રહેશે અને યાદશક્તિ પણ તેજ રહેશે.

**અમેરિકા - ડૉ ચંદ્રેશ જરદોશ**

## નકલી પનીર વિક્રેતાને અસલી સજા મળે

મનપસંદ સ્વાદિષ્ટ સબ્જી એટલે પનીર! ઘરમાં પણ, લગ્નમાં પણ, હોટલોમાં પણ, ખૂબ ખવાતું પનીર અને પનીરની જુદી જુદી સબ્જીઓ વિશે હવે જે વિગતો સામે આવે છે તે ખૂબ જ ખતરનાક છે. એક સર્વેમાં 83% બોગસ અખાદ્ય પનીરનાં અહેવાલ જાણીને એવી ગણતરી થઈ શકે કે તમે 100 વાર પનીરની કોઈપણ ખાદ્ય પદાર્થ પેટમાં પધરાવી તેમાં 83 વાર તો બોગસ પનીર આપણે બધા એ ખાધુ એવુ માનવુ રહ્યું. અખાદ્ય પનીર ખાવાથી મરી જવાતું નથી પણ જીવનભરની શારીરિક નુકસાની ભોગવવી પડે. સુરત મહાનગરપાલિકાએ દુકાન સીલ કરી અને કાયદેસરનું થવા જોગ બધું જ સરકારી તંત્રે કર્યું છે પણ હવે બાર એસોસીએશન એ ઠરાવ કરવો જોઈએ કે અખાદ્ય પદાર્થ બનાવનાર કે આતંકવાદ સાથે સંકળાયેલા કે ગુનાહિત કૃત્ય કરતા સામે કોઈ પણ વકીલે તેના પક્ષેથી કેસ લેવો જોઈએ નહીં. આવો ઠરાવ સુરત શહેર સહિત ગુજરાતના તમામ બાર એસોસિએશન એ કરવા જોઈએ. સરકારે પણ ખૂબ જ કડકાઈથી કામ કરે, કોઈ પણ ચમરબંધ કે રાજકીય દબાણ વગર આવા વ્યક્તિને સપરિવાર દેશ નિકાલ કરવો જોઈએ આવા ગેરકાયદેસર કૃત્ય કરનાર પર દાખલા રૂપ સજા કરવી જ જોઈએ.

**સુરત - પરેશ ભાટિયા**

## આ એક સામાજિક પ્રશ્ન પણ ખરો!

હાલમાં વાંચ્યુ કે એક 19 વર્ષનો અમીર માતા પિતાનો બાળક મોહમાયા છોડી દીક્ષા લઈ રહ્યો છે. આ મુમુક્ષુ હજુ તો ટીનેજર કહેવાય. દુનિયાદારીની હજુ સમજ પણ નથી પણ પરિવાર-ઘરબાર સર્વે છોડી સંસાર ત્યાગી સન્યાસી બની રહ્યો છે તે વાત દુઃખી કરી દે છે. સંસારમાં રહીને પણ મોહમાયા રહિત જીવન જીવી જવાય છે. શા માટે પોતાના તનમનને કષ્ટ દેવાનું? તમે સક્ષમ હોય, ભણેલા સાક્ષર હોય તો સમાજમાં રહીને પણ સેવા આપી શકો છો.

જૈન મુનિઓને પણ વિનંતી છે કે નાદાન બાળકોને દીક્ષા ન આપો, સંસારમાં જ રહી સુખ દુઃખનો સામનો કરવા દો. ભગવાને આ જીવન અમૂલ્ય આપ્યું છેતો એનો ખરા અર્થમાં સેવાકીય કાર્યમાં વ્યતિત કરવું સલાહ ભરેલું છે. મહાવીર સ્વામી પણ સંસારમાં થોડા સમય રહેલા-માતાપિતાને દુઃખ ન થાય તેથી માવતરના દેહાંત પછી જ દીક્ષા લીધેલી. આ સમજવા જેવી વાત છે. આ દીક્ષાર્થીઓના માતાપિતા પણ દુઃખી તો થતા જ હશે ને? ઠંડી, ગરમી, વરસાદમાં પણ ફકત એક જ કપડા અને ચપ્પલ વગર દિન પસાર કરવા, સ્વાદને ત્યાગી દેવા, કષ્ટ ભરેલું કામ છે. વળી જૈન ધર્મની વસ્તી પર પણ પ્રભાવ પડે છે. આ બધુ ન કરતા સંસારમાં રહીને જ તપ કરી પરિવાર સાથે સમાજ સાથે રહી સેવાભાવ કષ્ટ વગર કરી શકાય છે.

**સુરત - જયા રાણા**